ગાંધીનગર સમાચાર





## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*(રજત જયંતી વર્ષ)*

*કરવી છે પીછેહઠ, પણ હાર માનવી નથી!*
*થયાં હાડકાં ખોખરાં પણ માર માનવી નથી!*
*છે ભૂલોની ભરમાર કરવી નથી કાનપટ્ટી -*
*કરવી છે ઉઠબેસ પણ શર્ત માનવી નથી!*

### હાઈકુ

*હાર્યા છે મિયાં -*
*છતાંય રાખવી છે -*
*ટંગડી ઊંચી!*

*કરશું અમે -*
*તમે કહો છે તેમ -*
*જીત અમારી !!*

### ચિંતન

**અસતાં સંગદોષેણ સાધવો યાન્તિ વિક્રિયામ્ ।**
**દુર્યોધન પ્રસંગ઼ન ભીષ્મો ગોહરણે ગતઃ ॥**

ઉપરોક્ત શ્લોક વિદૂરનીતિમાંથી લેવામાં આવેલ છે.

ખરાબ માણસના સંગની બૂરાઈથી સારા માણસો પણ વિકાર પામે છે. દુર્યોધનના સંગથી ભિષ્મ પિતામહ પણ ગાયોનું હરણ કરવા ગયા હતા.

જગતમાં ખરાબ માણસો ખૂબ મોટી સંખ્યામાં છે. વળી સારો માણસ પણ ક્યારે ખરાબ થઈ ગઈ એની ખાતરી હોતી નથી. વળી મનુષ્યે દુષ્ટ માણસો પોતાની પાસે ખરાબ કામ કરાવી ન જાય તેની તકેદારી પણ રાખવી જોઈએ. નહીં તો ભીષ્મ પિતામહ જેવી તમારી હાલત ખરાબ થશે.

ગાય અને બ્રાહ્મણની રક્ષા કરવી એ પ્રત્યેક ક્ષત્રિયની ફરજ ગણાય છે. એ ફરજ ચૂકીને કે ભૂલીને ગાયની રક્ષા કરવાને બદલે વિરાટ રાજાની ગાયોનું હરણ કરવાનું પાપ ભિષ્મ પિતામહ કરી બેઠા તો સામાન્ય સંસારી મહત્વનું શું ગજું?

સંક્ષેપમાં, સામાન્ય માનવીને પાપની પરંપરાઓથી બચવા માટે સાબદા રહેવાનું જણાવી જીવન જીવવાનું માર્ગદર્શન આ શ્લોકમાં અપાયું છે.

### સુવિચાર

- પ્રેમ એ કોઈ સદ્ગુણ નથી એ તો આપણા માટે અન્ન, હવા, પાણી અને પ્રકાશ જેટલી જ જરૂરિયાતની ચીજ છે - **સંત ઓગસ્ટિન**
- બીજાના ઘરની પંચાત એવા લોકો જ કરે છે, જેની પોતાના ઘરે કોઈ ઈજ્જત નથી હોતી - **જીવન પાથેય**
- આપણાં ભાગ્યનું, આપણને જ પીવું પડશે...!! શંકરને મીરાં તો, ફકત રીતો સમજાવશે..!! - **પ્રવીણ પટેલ 'સ્વયં'**
- જીવનમાં એકવાર ઠેસ તો વાગવી જ જોઈએ! ખબર તો પડે કે આપણામાં ઊઠવાની તાકાત કેટલી છે! - **એસ. ભટ્ટાચાર્ય**
- જીત 'હટને' સે નહીં, 'ડટને' સે મિલતી હૈ - **સાર્થક મનસ્વી**
- પાંદડા જેવી થઈ ગઈ છે, સંબંધોની ઉંમર..! આજે લીલા, કાલે પીળા, પરમ દિવસે સૂકા...!! - **અખંડ આનંદ**
- આજનું ઔષધ : આંતરડાના સોજા માટે રોજના ત્રણ નારિયેળ પાણી સચોટ ઈલાજ છે. સાત દિવસમાં આંતરડાના સોજો મટે છે.

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

ગરીબ વિધવા સ્ત્રી પોતાન છ વરસના પુત્ર સાથે રહેતી હતી. ગરીબાઈની સીમાનો પાર ન હતો. એવામાં દિવાળી આવી. શેરીના બીજા બાળકો મિઠાઈ ખાતા જોઈ બાળકે મીઠાઈ ખાવાની જીદ કરી. માતા પાસે પૈસા ન હતા. છતાં મીઠાઈવાળાની દુકાને ગઈ. દુકાનદાર પાસે એક બુંદીનો લાડુ ભીખમાં માંગ્યો. દુકાનદારે મફત આપવાની ના પાડી તેથી નિરાશ થઈ પાછી ગઈ. બીજે દિવસે એક કાગળ લઈ મીઠાઈવાળાની દુકાને ગઈ. પોતાના પુત્ર માટે મીઠાઈનો એક ટુકડો માગ્યો. દુકાનદારે કહ્યું, તમારી પાસે કોઈ વસ્તુ છે જેની સામે મીઠાઈ આપું. વિધવા સ્ત્રીઓ પેલો કાગળનો ટુકડો આપ્યો. દુકાનદારે ત્રાજવામાં એક પલ્લામાં એ કાગળ મૂક્યો. બીજા પલ્લામાં મીઠાઈનો કટકો મૂક્યો છતાં કાગળ મુકેલું પલ્લું નીચે રહ્યું. બીજો ટુકડો મૂક્યો છતાંય કાગળનું પલ્લું નીચું રહ્યું. એમ કરતાં મીઠાઈનું પલ્લું ભરી દીધું. છતાં કાગળનું પલ્લું નીચે રહ્યું. વિધવા સ્ત્રીએ કહ્યું, 'મને તો ફક્ત એક ટૂકડો આપો.' 'દુકાનદારે એક ટૂકડો આપી વિધવાને રવાના કરી.' વિધવા સ્ત્રી ખુશ થઈ ગઈ. તે આશીર્વાદ આપી રવાના થઈ. દુકાનદારે કાગળ જોયો. કાગળમાં વજન તો હતું નહીં, તો પછી આવું કેમ થયું. બંને ત્રાજવાના પલ્લુ ચેક કર્યા. ત્યારે ખબર પડી કે જે પલ્લામાં કાગળ મૂક્યો હતો. તેની સાંકળમાં આંટી વળી ગઈ હતી. તેણે કાગળનું લખાણ વાંચ્યું. કાગળના લખાણમાં વિધવાએ ભગવાનને પ્રાર્થના લખી હતી, 'હે દયાળું, હું મારા કર્મ અને આધીન દુઃખ ભોગવું છું. પણ આ બાળક તો નિર્દોષ છે. તમે દયા કરજો અને બાળકને મીઠાઈનો એક ટુકડો અપાવો આ મારી પ્રાર્થના છે.' ભગવાને વિધવા સ્ત્રીની પ્રાર્થના સાંભળી અને મીઠાઈનો ટુકડો અપાવ્યો. ગાંધીજી કહેતા મારી તમામ સમસ્યાઓનો ઉકેલ પ્રાર્થનામાંથી મળ્યો છે.

# તિબેટ મુદ્દે અમેરિકાના વલણથી ચીન ટેન્શનમાં

**તંત્રીસ્થાનેથી...**

તિબેટના સ્વતંત્ર અસ્તિત્વનો લોપ કરી ચીને એના પક સુવાંગ કબજો કરી લીધેલો છે. છતાં બૌદ્ધ ધર્માધ્યક્ષ દલાઈલામાના ધાર્મિક નેતૃત્વ હેઠળ તિબેટની સ્વાયત્તતા અંગેની ચળવળ સતત ચાલુ જ રહેવા પામી છે. દલાઈ લામાએ રાતોરાત ભાગી જઈ ભારતમાં આશ્રય લીધો અને ભારતે એમને માનભેર હિમાચલ પ્રદેશના ધર્મશાળા પર્વતનગરમાં મઠ સ્થાપી રહેવાની અનુકૂળતા કરી આપી એથી ચીન સતત ઉશ્કેરાયેલું રહે છે. પરંતુ દલાઈ લામાને અને તિબેટની બૌદ્ધ પ્રજાને વૈશ્વિક સમર્થન મળતું રહ્યું ચે જેને લીધે ચીન તિબેટની પ્રજા પર વધુ ને વધુ નિયંત્રણો લાદી એને બાકીની દુનિયાની સાવ અલગથલગ પાડવાના જ પ્રયાસો કરતું રહ્યું છે. ભારત પાસે તિબેટને ઘણી વધારે અપેક્ષાો હતી સિક્કિમને ભારતમાં ભેળવી ભારતે સંતોષ માની લીધો હતો અને તિબેટને ચીનના કબજા હેઠળના વિસ્તારની બાબત સ્વીકારી લીધી હતી. ચીનનાં રાજયોની સરખામણીમાં તિબેટ સૌથી પછાત અને બદહાલી ભોગવતું રાજય છે. ત્યાં વિકાસના નામે ફક્ત સેના માટેનાં મથકો ને ભારતની સરહદ સુધી સુગમતાથી યુદ્ધ સામગ્રી તથા સૈનિકોને પહોંચાડી શકાય એવા પહાડી માર્ગો જ બનાવવામાં આવ્યા છે. કૈલાસ માનસરોવર જેવું ભારતનું સનાતન હિંદુ સમાજનું તીર્થ સાવ સુવિધા વિહોણી સ્થિતિમાં છે. ફક્ત આંતરરાષ્ટ્રીય સંબંધો ટકાવી રાખવા પૂરતી ભારતના યાત્રાળુ સમુદાયને મર્યાદિત સંખ્યામાં પ્રવેશ અપાય છે અને તે પણ કડક નિરીક્ષણ હેઠળ. અમેરિકા ટિબેટિયન પ્રજાની મુસીબતો અને સ્વાયત્તતાની ચળવળ પ્રત્યે સહાનુભૂતિ ધરાવતું રહ્યું છે. દલાઈલામાને શાંતિનું નોબેલ અપાવવા પાછળ પણ ચીનને આંતરરાષ્ટ્રીય સમુદાય એની વિરુદ્ધ હોવાનો જ ગર્ભિત આશય હતો. ચીન આવા ઈશારાઓને નજર અંદાજ કરતું રહ્યું છે. અને તિબેટ માટે નવા લામા તરીકે પણ પોતાની અનુકૂળ વ્યક્તિને જ નિયુક્ત કરવા પ્રયત્નશીલ છે. જો કે તિબેટની પહાડી પ્રજા માટે તો ભારતમાં રહી પોતાને માર્ગદર્શન આપી રહેલ વયોવૃદ્ધ દલાઈ લામા જ એના સર્વોચ્ચ ધર્મગુરુ છે. આ મુદ્દે નિવૃત્ત થઈ રહેલા અમેરિકન રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે તિબેટ સંબંધી કાયદાને વધુ અસરકારક સ્વરુપ આપ્યું છે. એમણે આંતરરાષ્ટ્રીય સમુદાયને તિબેટ તરફ માત્ર સહાનુભૂતિ નહીં પણ એના ધાર્મિક અધિકારને સમર્થન આપવા માટે વધુ સંગઠિત બની સક્રિય થવાના નિર્દેશો આપ્યા છે. અમેરિકા તિબેટની રાજધાની લ્હાસામાં કોન્સ્યુલેટ ખોલવા માટે છે. જયાં સુધી ત્યાં કોન્સ્યુલેટ શરૂ ન થાય ત્યાં સુધી ચીનને અમેરિકામાં કોઈ નવી કોન્સ્યુલેટ શરૂ કરવા દેવામાં નહીં આવે. દલાઈ લામાના વારસદાર પસંદ કરવાનો નિર્ણય પણ ચીનને નહીં બલકે તિબેટની બુદ્ધિસ્ટ પ્રજાને જ હોવો જોઈએ એવું કડક વલણ સ્વાભાવિક રીતે જ ચીનને ચીમકી સમાન છે. મહાસત્તા બનવાની હોડાં ઊતરેલા ચીનને અમેરિકા એક યા બીજા મુદ્દે ઘેરતું જ રહે છે. તિબેટિયન બુદ્ધિસ્ટ પ્રજાના માનવ અધિકારો અને ધાર્મિક સ્વતંત્રતાના મુદ્દે વિશ્વમત ચીનની વિરુદ્ધ પ્રબળ બનતો જાય એવી સંભાવના છે. તાઈવાન અને ભારત સંદર્ભે ચીનના વલમ વિરુદ્ધ અમેરિકા ખુલ્લી રીતે બહાર આવી ચૂક્યું છે. એણે ભારતની કાશ્મીર નીતિ સંદર્ભે પણ પાકિસ્તાન કે ચીનની કાગારોળને નજરઅંદાજ કરેલ છે તો વળી લદાખથી લઈ અરુણાચલ સરહદ સુધીના ચીનના અતિક્રમણ સામે પણ અમેરિકા ભારતની તરફદારી કરશે એ જગજાહેર છે. નિવૃત્ત થઈ રહેલા અમેરિકન રાષ્ટ્રપ્રમુખ જતાં જતાં ચીન સામેની કડક વિદેશનીતિને વધુ કડક ઓપ આપી રહ્યા છે. એમને કોરોના વાઈરસ મુદ્દે ચીનને જ દુનિયાનું ગુનેગાર ઠરાવ્યું છે અને એ જ મુદ્દો ચૂંટણી પ્રચારમાં પણ ચલાવ્યો હતો. લુચ્ચું ચીન અમેરિકા સાથે સીધા સંઘર્ષમાં ઊતરવા માંગતું નથી પણ પોતાની આંતરિક બાબતોમાં અમેરિકા માથું ન મારે એવાં નિવેદનો તો કરતું જ રહે છે. અમેરિકાના વરાયેલા નવા રાષ્ટ્રપ્રમુખનું ચીન વિરોધી વલણ જાણીતું જ છે. ડોનાલ્ડ ટ્રમ્પ પોતાની મુદત પૂરી થાય એ પહેલાં પોતે અમેરિકાની સર્વોપરિતા અંગે કેટલા સભાન હતા એની પ્રતીતિ કરાવતા કાયદાઓને સુધારી રહ્યા છે. અને બહાલી આપી રહ્યા છે. તિબેટની પ્રજાને ન્યાય અપાવવાનો અમેરિકાને અધિકાર છે, એવું પ્રસ્થાપિત કરી એમને ચીનની ઊંઘ હરામ કરી દીધી છે. ડોનાલ્ડ ટ્રમ્પે કાયદાના એક ખરડા પર હસ્તાક્ષર કરી દીધા છે જે તિબેટમાં અમેરિકન કોન્સ્યુલેટ સ્થાપવા અને આગામી દલાઈ લામાની પસંદગી ચીનની દરમિયાનગીરી વગર ફક્ત તિબેટિયન બૌદ્ધ સમુદાય દ્વારા જ થાય તેની ખાતરી કરવા માટે આંતરરાષ્ટ્રીય ગઠબંધન ઊભું કરવા અમેરિકા સક્ષમ બનાવશે. તિબેટયન પૉલિસી એન્ડ સપોર્ટ એક્ટ ઓફ ૨૦૨૦ તિબેટ સંબંધી વિવિધ કાર્યક્રમો અને જોગવાઈઓને સુધારે છે. તેમજ 'રિઓથોરાઈઝ' કરે છે. ૨.૩ ટ્રિલિયન ડૉલરની જંગી પૅકેજને ભાગરુપે આ એક્ટ પર નિવર્તમાન રાષ્ટ્રપ્રમુખની સહી થઈ જતાં 'ચીની શાહુકાર' ટેન્શનમાં ન આવી જાય તો જ નવાઈ.

# જે બીજાનું ભલું કરે તે ઉપહાર મેળવવા હકદાર બને છે



**નવાં કલેવર**

નટવર હેડાઉ

લાલ લાઈટ થતાં કાર રોકાઈ. બારીની બહારની હરિયાળી અને રંગબેરંગી ફૂલોની દુનિયાને કવિશા ધ્યાનથી જોતી હતી.

અચાનક તેને ઝીબ્રા ક્રોસિંગ પાસે ઉભેલ લાલ રંગની ત્રિકોણ ટોપી અને લાલ રંગનો સફેદ ફરવાળો પોશાક પહેરેલ એક વૃદ્ધ માણસ દેખાયો. નાનકડી કવિશા આશ્ચર્યમાં પડી ગઈ. આવો માણસ તેણે પહેલીવાર જોયો હતો. તેના વાળ પણ દાદાજીના જેવા એકદમ સફેદ હતા. તેના ગોળ ચહેરા પર કરચલીઓ હતી અને હોઠ પર સ્મતિ ફરકતું હતું. તેના ખભે એક થેલો હતો. 'મમ્મા' આ લાલ લાલ કપડા અને લાંબી મોટી દાઢીવાળા દાદાજી કોણ છે?'

'એ શાંતક્લોઝ છે. ક્રિસમસમાં આવે છે અને બાળકો ને રમકડાં તેમજ ભેટો આપે છે.' મમ્મીએ તેને સમજાવ્યું.

'પણ આ ક્રિસમસ શું છે ?' કવિતાએ જીજ્ઞાસા પૂર્વક પૂછ્યું.

'બેટા, આપણો દેશ વિવિધતા વાળો છે. આપણે હિન્દુઓ રામનો જન્મ દિવસ રામનવમી તરીકે ઊજવણીએ છીએ. તે રીતે ખ્રિસ્તી લોકો ઈસા મસીહનો જન્મ દિવસ દર વર્ષે કિસમસ રૂપે ઉજવે છે.'

'મમ્મા, શું શાંતાક્લોઝ મને પણ ક્રિસમસનો ઉપહાર આપે ખરો?'

'કેમ નહીં, જરૂરથી આપે પણ તે માટે એક શર્ત છે. તારે કોઈની ભલાઈનું કામ કરવું પડે.'મમ્મી બોલી.

'અરે! એમાં શું, કરીશ. પણ કરવું શું?' કવિશા વિચાર કરતી હતી ત્યાં ઘર આવી ગયું. કારમાંથી ઉતરીને તરત દાદીમાં પાસે દોડી ગઈ અને કહ્યું, 'બા, મારે કોઈ ભલાઈનું કામ કરવું છે. શું કરું તમે જ કહો.'

'પણ શું કામ ?' દાદીમાંએ પૂછ્યું.

'જો હું ભલાઈનું કામ કરીશ તો શાંતાક્લોઝ મને પણ ઉપહાર આપવા આવશે.' કવિતા બોલી.

'ઓહ! એમ વાત છે તો તું મને કહે ફોન પર તું કોની કોની સાથે વાત કરે છે.' દાદીએ પૂછ્યું.

'કાકા, કાકી, મામા, મામી, ફઈ, ફૂઆ, કુંજભાઈ અને મોન્ટુ તેમજ મેઘા દીદી સાથે' કવિતાએ નામ ગણાવ્યા.

'સારું તો એમ કર, હવે કોઈને ફોન આવે અને તું વાત કરે ત્યારે તારે તેમને ઉપયોગી મંત્ર કહેવાના.'

'બા એવા વળી કેવા મંત્ર!' કવિતા મુંઝાઈ.

'બેટા, સ્વસ્થ અને નિરોગી રહેવાના મંત્ર, તને તો ખબર જ છે. કોવિડ-૧૯ની બિમારીથી લોકો કેટલાં પરેશાન છે. તે માટે જાગૃતિની જરૂર છે. એકબીજાને મળીને કે ભેગા થઈએ ત્યારે કોરોનાથી બચવાના ઉપાય કરવા પડે.'

'બા, તમારી વાત તો બરાબર છે પણ મારે ફોન પર શું કહવાનું?'

'તારે દરેકને ફોન પર કહેવાનું છે કે ઘરની બહાર નીકળતાં માસ્ક જરૂરથી પહેરજો. સોશિયલ ડિસ્ટન્સ રાખજો અને વારંવાર હાથ સાબુથી ધોવાનું અને સેનેટાઈઝ કરવાનું ભૂલતાં નહીં. કેમ કે 'સાવધાનીમાં જ સુરક્ષા છે.'

'દાદીમાં, હું બધાને આવું કહીશ તો શાંતાક્લોઝ મને ઉપહાર આપશે?'

'જરૂર મારી વ્હાલી પરી.'

હજુ આ વાત ચાલતી હતી ત્યાં ફોનની રીંગ વાદી દાદીમાંએ કવિશાને ફોન ઉપાડવા કહ્યું, ભલાઈના કામની તેને શરુઆત કરવાની હતી. કવિતાએ દેવલ ફોઈને કોરોનાથી બચવાથી ભચવાના ઉપાયોની વાત કરી. નાનકડી ભત્રીજીના મુખે આવી મોટી મોટી વાતો સાંભળી ફોઈ ખુશ થઈ ગયાં. તેમણે કહ્યું, બેટા, તું આટલી સમજું થઈ ગઈ છે તે જાણી હું રાજી થઈ. તારા માટે રમકડાં લઈ હું કાલે આવવાની છું.'

'અરે, વાદ દાદીમાં જૂઓ ભલાઈનું કામ કરતાંની સાથે જ ફોઈએ મને વાયદો કર્યો છે. તે રમકડાં અને ઉપહાર લાવશે. મારા માટે તો એ શાંતાક્લોઝ કહેવાય ને...'

'હાં, બેટા, જે બીજાનું ભલું કરે તે ઉપહાર મેળવવા હકદાર બને છે.' એમ કહેતા દાદીમાં અને પૌત્રી હંસી પડ્યા.

# પરિસ્થિતિનું સન્માન કરીને સંબંધોને મૂલ્યવાન બનાવીએ



**આવો જીવીએ શાનદાર**

વિનોદ અમલાણી
amlani2000@yahoo.co.uk

(વિચાર બીજ અને પ્રસંગ સૌજન્ય :
શ્રી હવયંગ ઝાલા, ઈન્દોર )

જમ્મુ શહેરમાં ખાધેપીધે સુખી એવા એક કુટુંબમાં જેનો જન્મ થયો હતો એવા હિન્દી ફિલ્મ ઉદ્યોગનાં વિખ્યાત અને સશક્ત ચરિત્ર અભિનેતા ઓમ પ્રકાશના (૧૯૧૯-૧૯૯૯) જીવનનો એક ભાવવાહી પ્રસંગ છે. બચપણથી જ તેમને રંગમંચ, સંગીત અને ફિલ્મો પ્રત્યે લગાવ હતો. સન ૧૯૩૭માં તેઓ ઓલ ઈન્ડિયા રેડીઓમાં નોકરીએ લાગ્યા. રેડીઓના એક સળંગ કાર્યક્રમમાં તેઓ ફતેહદીનનો કિરદાર નિભાવટ હતા તેથી તેઓ એ નામથી પણ ખૂબ પ્રખ્યાત થયા હતા. રેડીઓ છોડીને તેમણે લાહોરની એક ફિલ્મ કંપનીમાં નોકરી કરી હિન્દ-પાકિસ્તાનનાં ભાગલા સમયે તેઓ દિલ્હી આવી ગયા અને દિલ્હીથી તેઓ ફિલ્મ ઉદ્યોગમાં નસીબ અજમાવવા માટે મુંબઈ ગયા.

મુંબઈ ગયા પછી તેમને સ્થિર થવા માટે થોડો સમય લાગ્યો. એ સમય દરમ્યાન તેમને આકરો સંઘર્ષ કરવો પડ્યો. એક પરિસ્થિતી તો એવી આવી હતી કે બે-ત્રણ દિવસ સુધી તેમને ક્યારેક ભૂખ્યા પેટે સૂઈ રહેવું પડતું. સંઘર્ષના એ સમય દરમ્યાન એક દિવસ તેઓ એક રેસ્ટોરન્ટમાં ગયા. રેસ્ટોરન્ટમાં શાંતીથી બેસીને, પોતાને ગમતી વાનગીઓનો ઓર્ડર આપીને પેટ ભરીને જમ્યા. ભોજન પૂરું થઈ ગયા પછી વેઈટરે ઓમ પ્રકાશના હાથમાં મોટી રકમનું બીલ પકડાવ્યું. તેમની પાસે બિલના ચૂકવવા માટે પૈસા ન હતા. પોતે બે-ત્રણ દિવસથી ભૂખ્યા હતા એટલે આ રીતે કાંઈપણ પેટમાં નાખ્યા વિના છૂટકો ન હતો. તેમણે રેસ્ટોરંટના મેનેજરને પોતાની કથની સંભળાવી. મેનેજરે તેમને શાંતીથી સાંભળ્યા.

ઓમ પ્રકાશે મેનેજરને ખાતરી આપી કે પોતાને કામ મળશે અને પૈસા આવશે એટલે પહેલું કામ આ બિલ ચૂકવવાનું કરશે. મેનેજરને તેમની હાલત સ્પર્શી ગઈ અને તેમણે બિલની રકમ બાકી રાખીને શુભેચ્છા પાઠવીને વિદાય કર્યા. ઓમ પ્રકાશ પ્રત્યે મેનેજરે દાખવેલી સહાનુભૂતિથી વેઈટરને નવાઈ લાગી અને તેણે મેનેજરને આ વિષે ટકોર પણ કરી. મેનેજરે તેની વાત ઉપર ધ્યાન ન આપ્યું.

થોડા મહિનાઓ પછી ઓમ પ્રકાશ એ રેસ્ટોરંટ ઉપર આવ્યા. તેમનું અગાઉનું બાકી બિલ ચૂકવ્યું. એ જોઈને વેઈટરને પણ સાનંદાશ્ચર્ય થયું. એમ પ્રકાશે મેનેજરને જણાવ્યુ કે પોતાને ફિલ્મમાં અભિનય કરવાનું કામ મળ્યું છે અને પોતાની આવક શરૂ થઈ ગઈ છે. તે દિવસે મનેજરે દાખવેલા સૌજન્ય બદલ ઓમ પ્રકાશે મેનેજરનો આભાર પણ માન્યો. મેનેજરને પણ ખુશી થઈ અને ઓમ પ્રકાશને પાસે બેસાડીને ચા પાઈ. તે દિવસથી એ બંને સારા મિત્રો બની ગયા.

ત્યાર પછી તો ઓમ પ્રકાશ નામ અને દામ કમાયા. પોતાની ગાડી, પોતાનો બંગલો થયા પણ જ્યારે જ્યારે ઓમ પ્રકાશ પેલી રેસ્ટોરંટની આસપાસથી પસાર થતાં ત્યારે તેઓ એ રેસ્ટોરંટની મુલાકાત અચૂક લેતા અને પોતાના મિત્ર બની ગયેલા મેનેજર સાથે બેસીને ચાનો કપ પીતા.

આપણે સૌ જાણીએ છીએ કે આપણે સમય અને સંજોગોનાં ગુલામ છીએ. આપણે લાખ સંન્નિષ્ઠ પ્રયાસો કરીએ છતાં સંજોગો આપણને ક્યારે રાજામાંથી રંક અને રંકમાથી રાજા બનાવી દે તેની આપણને ખબર નથી પડતી. આવું કોઈપણ વ્યક્તિ સાથે, કોઈપણ સમયે બની શકે છે.

આપણાં કોઈપણ સ્નેહી, સંબંધી, મિત્રો કે કોઈ અજાણી વ્યક્તિ પણ કોઈપણ સમયે પરિસ્થિતિનો શિકાર બની શકે છે. એ વ્યક્તિ ક્યા કારણસર મુશ્કેલ સ્થિતિનો શિકાર બની હોય છે તેની આપણને જાણ નથી હોતી. વ્યક્તિ જ્યારે સંજોગોનો શિકાર બની હોય છે ત્યારે ક્યારેક અનાયાસે જ પેલા મેનેજરની જેમ તેને મદદ કરવાની આપણને તક મળી જતી હોય છે. ક્યારેક એ વ્યક્તિ કંઈક અપેક્ષાઓ લઈને આપણી પાસે મદદ માટે આવતી હોય છે.


આપણે જો સક્ષમ હોઈએ અને મુશ્કેલીનાં સમયે શક્ય એટલી તેમને મદદ કરી શકીએ તો આપણી મદદ તેમને ઉપકારક બની શકે છે. એ વ્યક્તિને આપણે આપેલો સહકાર કે મદદ માત્ર એ વ્યક્તિ માટે જ નહીં, આપણાં માટે પણ ભવિષ્યમાં ઉપકારક બની શકે છે. આપણે કરેલી મદદ બદલ નાણાકીય વળતર કે ભૌતિક સ્વરૂપે આપણને ઉપકારક બને એવો મારો મતલબ નથી અને એવી અપેક્ષા પણ ના રાખી શકાય પણ એ વ્યક્તિ સાથેના આપણાં સંબંધો ગાઢ બની શકે છે અને તેનાથી વિશેષ બીજું વધારે ઉપકારક શું હોય શકે?

પેલી રેસ્ટોરન્ટમાં લીધેલા ભોજનનું બિલ ચૂકવી શકવાની ઓમ પ્રકાશની ક્ષમતા ન હતી છતાં તેમણે ભોજન લીધું. મનેજરને તેમણે પોતાની હાલત જણાવી. એ સમયે મેનેજર તેમનું જાહેરમાં અપમાન કરી શક્યા હોત. વેઈટરો મારફત તેમની મારઝૂડ કરી શક્યા હોત. કદાચ તેમને પોલીસના હાથમાં પકડાવી શક્યા હોત. આ રસ્તાઓમાંથી મેનેજરે કોઈપણ રસ્તો અપનાવ્યો હોત તો પણ એક ખાતરી હતી જ કે બિલનાં નાણાં ચૂકવવા માટે ઓમ પ્રકાશ પાસે ફૂટી કોડી પણ ન હતી. ઓમ પ્રકાશની પરિસ્થિતી જોઈને મેનેજરે વ્યવહારુ રસ્તો કાઢ્યો. તેની પાછળ ભલે માનવતા દાખવવાનો તેમનો ઈરાદો ના હોય પણ મેનેજરે ઓમ પ્રકાઓશની પરિસ્થિતિને માન આપ્યું. આપણે એવું કહી શકીએ કે મેનેજરે ઓમ પ્રકાશને નહીં, એક વ્યક્તિને નહીં પણ તેમની પરિસ્થિતિને સન્માન આપ્યું.

એવું કહેવાય છે કે કેટલાક પક્ષીઓ જીવતા હોય છે ત્યારે તેઓ કીડીઓ ઉપર નભતા હોય છે. તેઓ કીડીઓ ખાઈને પોતાનો નિર્વાહ કરતા હોય છે. એ જ પક્ષીઓ મૃત્યુ પામે છે. પછી કદાચ કીડીઓ તેમને ખાઈ જાય છે. માણસની પરિસ્થિતિનું પણ કંઈક એવું જ છે. કોઈ પણ વ્યક્તિની એક જ પરિસ્થિતિ કાયમ રહેતી નથી. આજે આપણાં મિત્રો કે સ્નેહીજનોની ખરાબ પરિસ્થિતિ હોય, કાલે કદાચ આપણે એવી જ કે તેનાથી વધારે ખરાબ પરિસ્થિતિમાં મુકાઈ જઈએ. એટલા માટે જ આપણે ભારપૂર્વક એવું સમજી લઈએ કે કોઈ પણ વ્યક્તિની પરિસ્થિતનું કયારેય અવમૂલ્યન ના કરીએ. વ્યક્તિની પરિસ્થિતિને કારણે તેમની લાગણી કયારેય ન દુભાવવીએ. ભલે આપણે એ વ્યક્તિને કોઈ પણ પ્રકારની મદદ કરવા માટે સક્ષમ ન હોઈએ, સક્ષમ હોઈએ તો પણ ભલે મદદ ન કરીએ પણ વ્યક્તિની પરિસ્થિતિનું અવમાન તો ન જ કરીએ.

વ્યક્તિની પરિસ્થિતિનું આપણે હંમેશા સન્માન કરીએ અને એમની સાથેનાં આપણાં સંબંધો વધારે મૂલ્યવાન બનાવીએ.

# કૃષિપ્રધાન દેશમાં કૃષિ કાયદાઓ માટે કકળાટ અને આંદોલન!



**જીવન ઉપવન**

મહેન્દ્ર એમ ત્રિવેદી
mmtrivedi007@gmail.com

પૃથ્વી ઉપર જન્મ આપનાર જનની અને બધાનું પાલન જેના ઉપર થઈ રહ્યું છે ભૂમિ અને આ ભૂમિ ઉપર રાતદિન મહેનત કરી જઠરાગ્નિ શાંત કરવા અન્ન પકવનાર એટલે જગતનો તાત - આ બધા માટે જો વિચારીએ તો લાગણી વ્યક્ત કરવા આપણને શબ્દોની પણ કમી જરૂર વરતાય માટે જ શાસ્ત્રીજી એ જય જવાન - જય કિસાન નું સૂત્ર રાષ્ટ્ર સામે મૂક્યું હતું. કંઈક ઉત્પન્ન કરવું એ સર્જનની પ્રક્રિયા કહેવાય છે. ધરતી માતા ઈશ્વરે કેટલી મહામૂલી બક્ષિસ બધા સજીવો માટે આપી છે તે આશ્રય સ્થાન છે. પોતાની અંદરનું સત્વ અર્પણ કરે છે. અને પાલન બધાનું થાય તે મુજબ સમયચક્રની સાથે અર્પણ કર્યા જ કરે છે!! બધું વિચારવું પડે તો જ કુદરતની આ સૃષ્ટિ કદાચ થોડી થોડી સમજાય ખરી. આ ધરતી બહુ અદ્ભૂત તત્વ છે. જે આપણા પંચમહાભૂતનો સાચો આધાર અને પાયો છે. પાણી, તેલ, વાયુ, જંગલો, ઔષધિઓ, વન્યસૃષ્ટિઓ, સમુદ્ર, અને અસંખ્યા નાની - મોટી અજાયબીને પૃથ્વી બધાને તદ્દન મૌન રહી પુરું પાડે ઓછે. આ વાત એટલા માટે કરવી પડે છે કે આપણો દેશ કૃષિપ્રધાન દેશ છે અને હજી પણ કૃષિની તોલે બીજી પ્રવૃત્તિઓ આવી શકે તેમ નથી. કૃષિ ઉપરાંત આનુષંગિક પ્રવૃત્તિઓ પ્રજાને રોજગારી આપવામાં મોખરે છે. ભારત વાસ્તવમાં ગામડાઓમાં ધબકે છે. શહેરીકરણ આપણી શોધ અને મનોવૃદ્ધિની પેદાશ છે. ખેતીવાડી કરનારા અગર રાજી અથવા સુખી હશે તો જ ભારત મુક્ત મનથી હસી શકશે અર્થાત્ કૃષિકારો ને પોતાની પ્રવૃત્તિમાંથી રસ જતો રહ્યો એ વાત સરકારને જયારથી ધ્યાનમાં આવી તે સમયથી વડાપ્રધાન મોદી સાહેબે ડબલ આવક ઊભી કરવા કઈ વ્યુહરચના અમલમાં મૂકીએ તો આ ખેતી કરનાર વર્ગ સુખનો અનુભવ કરી શકે. આ માટે ઘણા બધા મોર્ચે કામ થઈ રહ્યું છે. જે બધા જાણે છે. સવાલ હવે નવા ત્રણ બિલ સંસદમાં પાસ થઈ ગયા બાદ તેનો કાનૂની અમલ શરૂ થાય તે પહેલાં તેને રદ કરવાનું વિશાળ કૃષિ આંદોલન ચાલી રહ્યું છે. જેમાં પંજાબ, હરિયાણા, દિલ્હીના ખેડૂત સંઘો મુખ્ય છે. ત્યારબાદ આ આંદોલન ધીમે ધીમે ગંદા રાજકીય સમીકરણોમાં ભેરવાઈ રહ્યું છે. ૩ કાયદા જે ધ્વનિમતથી પસાર કરવામાં આવ્યા તેને નાબૂદ જાહેર કરવાની જીદ છે તો બીજી તરફ સરકાર એડી ચોટીનું જોર લગાવીને એવું કહી રહી છે કે આ એક રાજકીય ભ્રમ વ્યાપક બનાવવા ઘણા વિપક્ષો કામ કરી રહ્યા છે!

આપણા દેશની સૌથી મોટી કમનસીબી એ જ છે કે વ્યાજબી મુદ્દા કે ઘટના ઉપર નક્કર ઉપાયો શોધવા કે તેના માટે હલ શોધવાના બહાના હેઠળ તાકાતવિહીન, કૌશલ્યવિહીન, અને તકવાદી લોકો રાજકીય રંગ આપવાનું શરૂ કરવા માંગે છે અને મીડિયા પણ હવે તેની મૌલિકતા નિભાવી શકતું નથી એટલે બને છે એવું કે મુખ્ય સવાલ ચૂંથાઈ જ જાય છે! રેપની ઘટના થઈ કે આત્મહતયા થઈ તો એ તેની તટસ્થ તપાસથી ક્રમશઃ હટીને બીજા જ ટ્રેક ઉપર વાત જતી રહે છે. જેમાં આપણી ભ્રષ્ટાચારની ઘણી મોટી જીત હોય છે. સુશાંતસિંહની આત્મહત્યાની ઘટના બાદ તપાસમાં કેટકેટલા બધા વળાંક, પાત્રો, અને ઘણુંબધું આવ્યું પરંતુ છેવટે શું થયું શા માટે થયું ? વગેરે ઘણા પ્રશ્નોના જવાબ પ્રજા સુધી આવતા જ નથી !!

અરે ભાઈ, કૃષિ કંઈ નવી ઘટના કે પ્રવૃત્તિ નથી કે ખેતી કરનાર વર્ગ કંઈ નવો નથી. કરારથી ખેતી થતી રહી છે પરંતુ જે પ્રશ્ન હવે સૌથી મોટો ઊભો થઈ ગયો છે કે પ્રધાનમંત્રી મોદીજીના શબ્દો ઉપર પ્રજાનો જે વિશ્વાસ હતો ત્યાં મોટું ગાબડું પડ્યું છે. કોર્પોરેટ જગતના જે ભારતીય ઉદ્યોગપતિઓ છે તેમના લાભ માટે આ સરકાર બધું કરવા લાગી છે - આ એક શંકાથી વાતાવરણ અજંપામાં ડૂબી ગયું છે. એ સ્પષ્ટ હકીકત છે. આ આંદોલન લાંબા સમયથી ચાલતું રહ્યું છે. ત્યારે નવ કરોડ ખેડૂતોના ખાતામાં કરોડો રૂપિયા સન્માન નીધિમાં જમા કરાવવામાં આવ્યા... વાહ રે... વાહ.. આ બધું કરો છો તો ખેડૂતોના સંગઠનોના વડાઓ સામે વડાપ્રધાન બેસીને વાટાઘાટા અને સમજૂતીથી કેમ કંઈ આજસુધી કરવામાં આવ્યું નથી? નીતિ અને નોર્મ્સ (Norms and Policy) સ્પષ્ટ હોય જે કૃષિકારોના હિત માટેનાં હોય તો આ આંદોલન હરગીજ આટલું ચલાવવા કોઈ ઈચ્છે તો પણ ના ચાલે. યાદ રાખો કે આપણા દેશની આ પણ કડવી હકીકતો છે જે કૃષિકારોને હંમેશા દુઃખની ભેટ આપે છે. એક, ખેડૂત દેવામાં જન્મે છે જીવે છે અને તેમાં જ મરે છે. (શા માટે?) જમીન કદી વધતી નથી. છતાં કૃષિ પરિવાર દીઠ ખેતીલાયક જમીન પ્રતિ વર્ષ ઘટતી જ જાય છે. (શા માટે?) ઈનપુટ્સ આપણે આજ સુધી સસ્તા કરાવી શક્યા નથી. ઉત્પાદનકર્તા ને કિંમત નિર્ધારણમાં મહત્વ કદી મળ્યું નથી. (શા માટે ?) કૃષિ માટે દરેક સરકારો એ પુષ્કળ યોજનાઓ બનાવી છતાં ખેડૂતોની આત્મહત્યાઓ ઘટી નથી. (શા માટે?) ડિજિટલ પ્લેટફોર્મમાં ગ્રામ્ય વિસ્તારના ખેડૂતો પોતાના કાર્યો સમય મર્યાદામાં કરવામાં અતિ પરેશાન છે (શા માટે?) એફપીઓની વિભાવના ઉમદા પણ જમીન ઉપરની નક્કર સિદ્ધિ તદ્દન નબળી દેખાશે. રાજકારણની ગંદકીએ આજ સુધી પોતાનું કામ કર્યું છે કૃષિનું ભલું બહુ કમ થયું છે!!

હવે કૃષિકારોને ખેતી હડપ કરવાની બીક લાગી છે (શા માટે?) સહકારી સંસ્થાઓ કે જયાંથી કૃષિ સંલગ્ન નેતૃત્વ મુખ્ય રાજકીય પ્રવાહમાં આવે છે અને હવે સહકારી બેંકોના વહીવટ ઉપર પણ રિઝર્વ બેંકનો અંકુશ ધીમે ધીમે વધારવામાં આવી રહ્યો છે. કૃષિ ક્ષેત્રમાં આંદોલનકારી આતંકવાદી કે ખાલીસ્તાની નથી પરંતુ તેઓ હવે કોઈ કચાશ રાખવા માંગતા નથી અને પ્રબંધનનું આ મોટું હાલનું ઉદાહરણ છે !! જગતમાં તાતના આ આંદોલનને ઝડપથી હલ કરવામાં આવે જરૂરત લાગે તો નકામા તત્વોને પણ પ્રજા સમક્ષ ખૂલ્લા પાડો. વિદેશોમાં ભારતની ઈજ્જતને ડાઘ લગાડી રહ્યા છે. કૃષિ એટલે ભૂમિ સાથે જોડાયેલા લોકો ને નીતિના માર્ગે ક્રમશઃ લાલચું બનાવવાનું પાપ પણ રાજકીય લોકોએ કર્યું છે એ પણ નોંધપાત્ર બાબત છે. કૃષિની અંદર તો ભ્રષ્ટાચાર બહુ વિસ્તૃત છે. શાસન પક્ષની જો વાત કરીએ તો સામ દાડ દંડ ભેદની જૂની પદ્ધતિથી બહાર નીકળી પાદદર્શિતા ને પ્રગટ કરો. પ્રજા સમક્ષ ખુલ્લામાં ચર્ચા કરો, કાયદાઓની પ્રતિદિન ફલશ્રુતિ કેવી રહેશે તે કહો જેથી આ આંદોલન જલ્દીથી સમાપ્ત થાય. ખેડૂત વર્ગ આજે પ્રવૃત્તિથી કૃષિકાર રહેવા પામેલ છે. વાસ્તવિકતા તદ્દન બદલાઈ ગઈ છે છતાં એ દેશમાં અન્નદાતા છે જેને સન્માન તથા વંદન છે. જય કિસાન.

**શેર આસ્વાદ :**

**તુમ પૂછતે હી નહીં પરેશાની કી વજહ**
**કુછ ઈસ વજહ સે ભી પરેશાન હું મૈં**